**<u>રેગ્યુલર દીવાની મુકદમા નં. ૧૧૯/૨૦૧૮ આંક-૫ અરજી લગત હુકમ:-</u>**

(૧) આ કામના વાદીએ આંક-૫થી પ્રતિવાદીઓ સામે મનાઈ હુકમની અરજી કરી દાદ માગેલ છે કે, મોજે ગામ કપડવંજના સીટી સર્વે નં.૬૩૨૨ જેનું સુમારે ક્ષેત્રફળ ૨૧-૭૩-૯૪ ચો.મીટર વાળી મિલકત વાદીના ગુજરનાર બહેન અમીનાબેન મહંમદખાન પઠાણની માલિકીની હોઈ અને વાદીઓ તેના કાયદેસરના માલિક હોઈ અને માલિકી હકકે દાવાવાળી મિલકતનો નીચે દળનો કબજો ભોગવટો આવેલો હોઈ આ કામના પ્રતિવાદીઓ વાદીઓના દાવાવાળી જમીનના કબજા ભોગવટામાં હેલો, હરકત, અંતરાય, ડખલ, કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ આપવા તેમજ ગુજરનાર અમીનાબેન મહંમદખાન પઠાણના બેન્ક ઓફ બરોડા, કપડવંજ શાખામાં ખાતુ આવેલ છે તે ખાતામાંથી આ કામના પ્રતિવાદીઓ કોઈ પણ જાતના રકમની લેવડ દેવડ કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ આપવા અરજ ગુજારેલ છે.

(૨) વાદી તરફે રજુ થયેલ માર્ક-૩/૧ થી ૩/૫ તથા પ્રતિવાદીઓ તરફે માર્ક ૧૮/૧ થી ૧૮/૧૪ સુધીના દસ્તાવેજ વંચાણે લીધા.

(૩) ઉપરોકત હકીકતે આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદીને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાં થી ભરપાઈ ન થાય તેવું નુકશાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાના કારણ તથા તારણો નીચે મુજબ છે:-

૧. '' નકારમાં''

૨. '' નકારમાં''

૩. '' નકારમાં''

૪. ''આખરી હુકમ મુજબ''

(૫) આમ બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા તથા ઉપરોકત વાદીની મનાઈ અરજીની ઉપરોકત હકીકત તથા દાદ વંચાણે લીધી આ કામે વાદીએ પોતાની મનાઈ હુકમની અરજીમાં જણાવેલ છે કે દાવાવાળી મિલકત મોજે ગામ કપડવંજના સીટી સર્વે નં. ૬૩૨૨ જેનું સુમારે ક્ષેત્રફળ ૨૧–૭૩–૯૪ ચો.મી. વાળી અમારી ગુજરનાર બહેન અમીનાબેન મહંમદખાન પઠાણની માલિકીની હોય અને અમો વાદીઓ તેના કાયદેસરના માલિક હોઈ અને માલિકી હકકે અમારો કબજો ભોગવટો આવેલો હોઈ આમ દાવાવાળી મિલકતમાં અમારો કોયદેસરનો માલિકી હકક આવેલો છે.

સદર ઉપરોકત હકીકતે પ્રતિવાદીનાઓએ આંક–૧૬થી દાવા જવાબ રજુ કરી જણાવેલ છે કે ''વાદીઓ કદીપણ દાવાવાળી મિલકતમાં રહયા નથી તે તેમનો દાવાવાળી મિલકતમાં કોઈ પણ પ્રકારનો હકક, દાવો,અલાખો નથી તેમજ વાદીઓએ કયારેય મર્હુમ અમીનાબેનની સેવા ચાકરી કરેલી નથી તેમજ સદર દાવાવાળી મિલકતનો કદી કયારેય કબજો ભોગવટો હતો નહી કે છે નહી અને અમો પ્રતિવાદીઓ મર્હુમ અમીનાબેન સાથે રહેતા હતા અને તેમની સેવા ચાકરી કરતા હતા તેથી મર્હુમ અમીનાબેને અમો પ્રતિવાદીઓને દાવાવાળી મિલકત બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન કે તકરાર ઉભી ન થાય તે માટે વર્ષ ૨૦૧૫માં રૂ.૨૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર તેમના આખરી વિલના સ્વરુપમાં સાક્ષીઓ રૂબરુ લખાણ કરી આપેલ છે અને દાવાવાળી મિલકત અમો પ્રતિવાદીઓને પ્રત્યક્ષ કબજા ભોગવટે સોંપી દીધેલ છે.''

આમ ઉપરોકત વાદી તથા પ્રતિવાદીઓની હકીકત વંચાણે લેતા પુરતા પુરાવા લઈ નિર્ણય થઈ શકે તેમ જણાઈ આવે છે તથા આ કામે રજુ થયેલ માર્ક–૧૮/૧૪થી સમજુતી

કરાર વંચાણે લેતા પુરાવાકીય વેલ્યુ  પુરાવા લીધા વિના હાલના તબકકે નિર્ણય થઈ શકે નહી આ કામે પેઢીનામુ પણ રજુ થયેલ નથી જેથી ગુજરનાર અમીનાબેનની સીધી અને આડી લીટી સ્પષ્ટ થઈ શકે. આમ વાદીનો પ્રથમદર્શનિય કેસ જણાઈ આવતો નથી તથા સગવડતા અગવડતાની સમતુલા વંચાણે લેતા વારસાઈ હકીકત અંગે પુરાવો રજુ થયેલ ન હોય તેથી વાદીની તરફેણમાં જણાઈ આવતો નથી તથા મુદ્દા નં.૧, ૨માં ચર્ચા કર્યા  મુજબ નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન પણ વાદીની તરફેણમાં જણાઈ આવતુ નથી જેથી મુદ્દા નં.૧,૨,૩નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે. અને મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

**:: હુકમ ::**

વાદીની આંક–પની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હાલની અરજીના ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ રોજ તા. ૨૫/૧૧/૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૧૧/૨૦૨૧<br>
કપડવંજ

(એસ.આર.વકાલીયા)<br>
એડીશ્નલ સીનીયર સીવીલ જજ<br>
કપડવંજ<br>
જજ કોડ જી.જે ૧૪૮૬